# <u>અહેવાલ</u>

## "Student Sensitisation Program on SSIP 2.0"
## "Entrepreneurship & Innovation"

તારીખ: **18/08/2026**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**આયોજક: ISIICTL વિભાગ, BAOU**

**(ઇનોવેશન, સ્ટાર્ટ-અપ્સ, ઇન્ટર્નશિપ, ઇન્ક્યુબેશન, કોલેબોરેશન, ટેકનોલોજી અને લિંકેજીસ)**

**સ્થળ: અભ્યાસ કેન્દ્ર(1738), એશિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, વડાલી**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીના પ્રેરણાદાયી માર્ગદર્શન અને **ISIICTL વિભાગના ડિરેક્ટર પ્રો. (ડૉ.) મનોજ શાહ**ના દિશાનિર્દેશ હેઠળ, તા. **18 ઓગસ્ટ, 2026**ના રોજ **અભ્યાસ કેન્દ્ર ક્રમાંક 1738, એશિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, વડાલી, જી. સાબરકાંઠા** ખાતે **21 ઓગસ્ટ – વિશ્વ ઉદ્યોગસાહસિકતા દિવસ**ની ઉજવણીના ભાગરૂપે **ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં **ઉદ્યોગસાહસિક વિચારસરણી વિકસાવવી, નવીન વિચારોને ઓળખવા અને વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવા તથા રોજગાર અને સ્વરોજગારની તકો અંગે જાગૃતિ લાવવાનો** હતો.કાર્યક્રમ દરમિયાન **ISIICTL વિભાગના પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમારે** વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતાની વિશેષતાઓ, ઉદ્યોગસાહસિક બનવાની પ્રક્રિયા, વ્યવસાયિક વિચારની ઓળખ તથા તેને વ્યવહારુ વ્યવસાયિક તકમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપ્યું હતું. સફળ ઉદ્યોગસાહસિકોના પ્રેરણાદાયી ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને **જોખમ લેવાની ક્ષમતા, સમસ્યાઓમાં તકો શોધવાની દૃષ્ટિ, આત્મવિશ્વાસ અને સતત નવીનતા** માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પોતાની આસપાસની સમસ્યાઓનું અવલોકન કરી **Problem Identification, Idea Generation અને Innovation** દ્વારા નવા ઉકેલો વિકસાવવા અંગે સમજ આપવામાં આવી હતી. સાથે જ નવીન વિચારને **પ્રોજેક્ટ, પ્રોટોટાઇપ, વ્યવસાયિક મોડેલ અને સ્ટાર્ટઅપ** સુધી લઈ જવાની પ્રાથમિક પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, વિદ્યાર્થીઓને **SSIP 2.0** અંતર્ગત ઉપલબ્ધ **માર્ગદર્શન, પ્રોટોટાઇપ વિકાસ, નાણાકીય સહાય તથા અન્ય સહાયક તકો** અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પોતાના નવીન વિચારો અને પ્રોજેક્ટને યોગ્ય માર્ગદર્શન તથા સહાય દ્વારા આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ઉપલબ્ધ વિવિધ કૌશલ્ય વિકાસલક્ષી અભ્યાસક્રમો અને રોજગારલક્ષી કૌશલ્ય વિકાસની તકો** અંગે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પરંપરાગત અભ્યાસ સાથે વિવિધ કૌશલ્યો વિકસાવીને રોજગાર તથા સ્વરોજગારની તકો માટે પોતાની ક્ષમતા વધારવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં **ઉદ્યોગસાહસિકતા, નવીનતા, કૌશલ્ય વિકાસ અને સ્વરોજગાર** અંગે જાગૃતિ વધારવામાં સફળતા મળી હતી. કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પોતાના વિચારોને ઓળખવા, નવીન ઉકેલો વિકસાવવા તથા ભવિષ્યમાં ઉદ્યોગસાહસિક તકો તરફ આગળ વધવા માટે ઉપયોગી અને પ્રેરણાદાયી સાબિત થયો હતો.

## <u>ફોટોગ્રાફ</u>





